Item NO: 37.10

# આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ

વંચાણે લીધોઃ- (૧) પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃમિશાસ્ત્ર વિભાગ, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટિ, આણંદનો પત્ર જા.નં. નેમ/૨૩૩-૩૪/૧૨, તા. ૪/૫/૨૦૧૨.

(૨) આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આ.કૃ.યુ, આણંદનો પત્ર નં. બીએસીએ/મહેકમ/૨૦૯૮-૯૯, તા. ૨૯/૫/૧૨.

(૩) શ્રી કે.જે. હઠીલા, પટાવાળા નો ફરજ પર હાજર થવાનો તા. ૩/૫/૧૨નો હાજર રીપોર્ટ તથા રજા અરજી.

(૪) પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃમિશાસ્ત્ર વિભાગ, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટિ, આણંદનો પત્ર જા.નં. નેમ/ ૨૨૩૪-૩૫/૧૨, તા.૫/૬/૨૦૧૨.

(૫) પોલીસ ઇન્સપેકટરશ્રી, ખોખરા પોલીસ સ્ટેશન, અમદાવાદનો પત્ર નં.૫૪૦૧/૨૦૦૨, તા. ૧૨/૧૦/૨૦૧૨.

(૬) ફરજ મોકુફી કાર્યાલય આદેશ નં. આકૃયુ/રજી/સીસી.૨/૪૮૫-૯૦, તા. ૧૯/૧૦/૧૨

(૭) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૧૪૪, તા. ૧૬/3/૧3.

(૮) પોલીસ ઇન્સપેકટરશ્રી, ખોખરા પોલીસ સ્ટેશન, અમદાવાદનો પત્ર નં.૧૬03/૨૦૧૩, તા. ૨૨/03/૨૦૧૩.

(૯) શ્રી હઠીલા, પટાવાળાને આપવામાં આવેલ તહોમતનામું જા.નં. આકૃયુ / રજી/ લીગલ / સીસી-૨/ ૭૧-૭૨/૧૪, તા. ૨૯/૦૧/૨૦૧૪.

(૧૦) પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃમિશાસ્ત્ર વિભાગ, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટિ, આણંદનો પત્ર જા.નં. નેમ/૧૧૬૨૮-૨૯/૧૪, તા. 3/૨/૨૦૧૪ થી તહોમતનામાનું બજવણી માટે મોકલી આપેલ હતું.

(૧૧) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૧૫૭, તા. ૧૦/3/૧૪.

(૧૨) નાયબ અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલ, અમદાવાદના પત્ર જા.નં. યુ.ટી.પી/ ૧૯૯૪/ ૨૦૧૪, તા. ૧૭/03/૨૦૧૪.

(૧૩) અત્રેની કચેરીના કાર્યાલય આદેશ નં. આકૃયુ/રજી/સીસી.૨/૧૬-૨૨, તા. ૮/૪/૧૩.

(૧૪) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/ રજી/ લીગલ /સીસી.૨ / ૩૪૨-૪૩, તા. ૨૯/૫/૧૪.

(૧૫) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૨૮૨, તા. ૨૨/૪/૧૪.

(૧૬) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ /રજી / લીગલ /સીસી.૨ /૩૯૭-૯૮, તા. ૨૧/૬/૧૪.

(૧૭) તા.૨૫/૮/૧૪થી કુલસચિવશ્રી તરફથી દૈનિક સમાચાર પત્ર ગુજરાત સમાચાર માં આપવામા આવેલ જાહેર નોટીસ.

(૧૮) આખરી અને છેલ્લી કારણદર્શક નોટીસ અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ /રજી / લીગલ/સીસી.૨/૬૯૭-૯૮,તા. ૦૪/૧૦/૧૪.

(૧૯) અત્રેની કચેરીના કાર્યાલય આદેશ આકૃયુ/ રજી/ લીગલ/સીસી.૨/ ૭૮૧-૮૭, તા. ૧૩/૧૧/૧૪.

(૨૦) કાર્યાલય આદેશ નં. આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૮૩૨-૩૪, તા. ૧૭/૧૨/૧૪.

(૨૧) ખાતાકીય તપાસ અધિકારીશ્રીનો પત્ર નં. બીએસીએ/એગ્રીકેમ/૭૧૮, તા.૧૫/૧/૧૫ થી રજુ કરેલ ખાતાકીય તપાસ અહેવાલ તથા તે સાથેના આનુસંગિક બીડાણો.

(૨૨) યુનિવર્સિટીના નિયામક મંડળની તા.૧૫/૦૪/૨૦૧૫ના રોજ મળેલ ૩૭મી બેઠકની કાર્યવાહી નોંધ (સંદર્ભ-મુદ્દા નં.૩૭.૧૦)

## કાર્યાલય આદેશ

શ્રી કનુભાઇ જે. હઠીલા, પટાવાળા (હાલ ફરજ મોકુફ), નેમેટોલોજી(કૃમિશાસ્ત્ર) વિભાગ, બં. અ.કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ મનસ્વી રીતે અન અધિકૃત રીતે ફરજ પર ગેરહાજર રહેતા હોવાથી વંચાણે લીધેલ ક્રમ-૧ અને ૨ થી લેખિતમાં સૂચના આપવામાં આવેલ હતી તેમ છતાં ફરજ પ્રત્યેની અનિયમિતતા અને સતત ગેરહાજર રહી ગેરવર્તણુંક કરેલ છે અને છેલ્લે તા. ૨૮/૫/૨૦૧૨થી કચેરીને કોઇ પણ જાતની જાણ કર્યા વિના ફરજ પર ગેરહાજર રહેલ હોવાથી વંચાણે લીધેલ ક્રમ -૪થી કચેરીના વડાએ ફરજ પર હાજર થવા જાણ કરેલ હોવા છતાં હાજર થયેલ નથી.

વંચાણે લીધેલ ક્રમ -૫ના પોલીસ ઇન્સપેકટરશ્રી, ખોખરા પોલીસ સ્ટેશન, અમદાવાદના પત્રથી આ કચેરીને જાણ થયેલ કે શ્રી હઠીલાએ અમદાવાદ ખાતે તા. ૧૨/૧૦/૨૦૧૨ના રોજ હત્યાના ગુનામાં સંડોવાતા પોલીસ કસ્ટડીમાં મુકતાં શ્રી હઠીલાને ગુજરાત સીવીલ સર્વીસ રુલ્સ-૨૦૦૨ના પ્રકરણ-(૫)ના નિયમ-૬૮ની જોગવાઇ મુજબ તા. ૧૨/૧૦/૨૦૧૨ની અસરથી વંચાણે લીધેલ ક્રમ -૬થી ફરજ મોકુફી પર મુકવામાં આવેલ અને નિયમોનુસાર શ્રી હઠીલાને પ્રથમ છ માસ માટે અર્ધપગારી રજા દરમ્યાન મળતા રજાના પગાર અને મળવાપાત્ર મોંઘવારી ભથ્થું ચુકવવામાં આવેલ હતું. છ માસની મુદત તા.૧૧/૪/૧૩ના રોજ પુરી થતી હતી અને તે જયુડીશીયલ કસ્ટડી હેઠળ હોવાથી જીવન નિર્વાહ ભથ્થું નહી વધારતા તા. ૧૨/૪/૧૩થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી હાલના ધોરણે જીવન નિર્વાહ ભથ્થું ચુકવવા તા. ૮/૦૪/૧૩થી હુકમ કરેલ હતો.

શ્રી હઠીલાને બરતરફી બાદ સરકારશ્રીના ઠરાવ મુજબ કેસની સમીક્ષા કરવાની થતી હોવાથી સંદર્ભ-૭ના પત્રથી પોલીસ ઇન્સપેકટરશ્રી, અમદાવાદનો અભિપ્રાય આપવા જાણ કરતાં વંચાણે લીધેલ ક્રમ -૮થી પોલીસ ખાતા તરફથી અભિપ્રાય મળેલ અને તેમા જણાવ્યા મુજબ શ્રી હઠીલા વિરુધ્ધ નોધાયેલ કેસમાં તા. ૧૬/૧૧/૧૨થી પોલીસ ખાતા તરફથી નામ.કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ હતી.

શ્રી હઠીલાની મનસ્વી અનઅધિકૃત ગેરહાજરી તથા અનિયમિતતા અને ગેરવર્તણું/ગેરકૃત્ય સબબ સરકારશ્રીના સા.વ.વિ.ના તા. ૧૯/૪/૨૦૦૪ના ઠરાવ મુજબ શ્રી હઠીલા સામે ખાતાકીય તપાસ ધરવાની થતી હોવાથી યુનિવર્સિટીની સેવાઓના નિયમોમા કરેલ જોગવાઇ પ્રમાણે કર્મચારીને છાજે નહિ તેવી ગેરવર્તણુંક/ગેરકૃત્ય કરતાં તેમજ યુનિવર્સિટીમાં ફરજ બજાવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સ્ટેચ્યુટ.૧૧૭ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીસ ઓફ ગુજરાત (કન્ડકટ) નિયમો, ૨૦૧૧ના નિયમ ૫.૧(i), (ii),(iii) ૫.૧( iv) અને ૫.૧ (v), ૫.૬, ૫.૭, ૫.૮ અને ૨૧ના નિયમો ભંગ કરેલ હોવાથી વંચાણે લીધેલ ક્રમ -૯થી નીચે દર્શાવેલ ૧થી ૫ આરોપોવાળું તહોમતનામું પુરાવા પત્રક સાથે આપેલ અને દિન-૩૦માં પોતાનું બચાવનામું રજુ કરવા જણાવેલ હતું.

(૧) સ્ટેચ્યુટ નં.એસ.૧૧૯ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (જનરલ) નિયમો ૨૦૧૧ના નિયમ ચેપ્ટર-૮ રજા-જનરલ નિયમ ૮૭ અનુસાર રજા માટે કે રજાની મુદત લંબાવી આપવા માટે રજા મંજુર કરનાર સક્ષમ અધીકારીને નિયત નમૂનામાં અરજી કરવાની હતી તેમજ શ્રી હઠીલાએ નિયમોનુસાર રજા પર જતાં પહેલાં સક્ષમ અધિકારીની પરવાનગી/મંજુરી મેળવીને રજા પર જવું જોઇએ, પરંતુ તેમ કરેલ નથી અને શ્રી હઠીલાએ રજા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવ્યા સિવાય સમયાંતરે જાણીબુઝીને અનઅધિકૃત રીતે ફરજમાંથી ઇરાદાપૂર્વક ગેરહાજર રહેલ તેમજ શ્રી હઠીલાએ ફરજ પરનું કાર્યમથક આક્ષેપ પત્રક વિવરણ પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે વારંવાર છોડેલ હોવાનું જણાયેલ છે. આમ કરીને શ્રી હઠીલાએ રજા નિયમોનો ભંગ કરી ગેરવર્તણુંક આચરેલ છે. અને આ પ્રકારની શ્રી હઠીલાની ગેરવર્તણુંકોથી સ્ટેચ્યુટ નં.એસ.૧૧૭ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (કન્ડકટ) નિયમો ૨૦૧૧ના નિયમ ૫.૬, ૫.૭ અને ૫.૮ના નિયમોનો શ્રી હઠીલાએ ભંગ કરેલ હોવાનું જણાય છે.

(૨) આરોપ-૧માં દર્શાવ્યા અનુસાર શ્રી હઠીલાની ફરજ પરની મનસ્વી અનઅધિકૃત ગેરહાજરી તથા અનિયમિતતા સબબ રજા ઉપર જતાં પહેલાં રજા મંજુર કરાવીને કે કચેરીને જાણ કરીને અથવા કચેરી વડાની મંજુરી મેળવીને રજા પર જવા, મેડીકલ સર્ટીફીકેટ રજુ કરવા, કચેરીની કામગીરી ખોરંભે નહિ પાડવા સબબ સક્ષમ અધિકારીએ વારંવાર મૌખિક અને લેખિત સુચનાઓ આપેલ હતી. આમછતાં વારંવારની કાયદેસરની સુચનાનો ભંગ કરીને શ્રી હઠીલાની વર્તણુંકમાં કોઇ જાતનો સુધારો થયેલ હોવાનું જણાયેલ નથી તેમજ શ્રી હઠીલાએ ફરીથી આવું નહિં બને તેવી મૌખિક અને લેખિત બાંહેધરીઓ પણ આપેલ હતી. આમ, શ્રી હઠીલાની ગેરહાજરી અંગે નિયમોનુસાર આધાર-પુરાવા સહિતના સંતોષકારક ખુલાસા તેમજ શ્રી હઠીલાએ વર્તનમાં સુધારો કરવાને બદલે વારંવાર મનસ્વી રીતે આક્ષેપ વિવરણ પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે ગેરહાજર રહેવાનું ચાલું રાખેલ હોવાનું એટલુંજ નહિ

પણ શ્રી હઠીલાએ આપેલ બાંહેધરીઓનું પણ પાલન નહિ કરેલ હોવાનું જણાયેલ છે. આ વર્તણુંક દ્વારા શ્રી હઠીલા સામે ફરજ પત્યેની નિષ્ઠાનો અભાવ એવા સ્ટેચ્યુટ નં. એસ. ૧૧૭ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (કન્ડકટ) નિયમ, ૨૦૧૧ના નિયમ ૫.૧ (i), (ii) નો ભંગ કરવાનો આરોપ છે.

(૩) કુલસચિવશ્રી, આણંદનો કાર્યાલય આદેશ નં. આકૃયુ/રજી/સીસી-૨/૪૮૫-૯૦, તા. ૧૯/૧૦/૨૦૧૨ અનુસાર પોલીસ ઇન્સ્પેકટરશ્રી, ખોખરા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના જાવક નંબર ૫૪૦૧,૨૦૧૨, તા. ૧૨/૧૦/૧૨ના પત્રકમાં જણાવ્યા મુજબ શ્રી કે.જે.હઠીલા સામે ખોખરા પોલીસ સ્ટેશન ફ. ગુર. નં. ૧૧૬/૧૨ ઇપીકો કલમ ૩૦૨ તથા જી.પી. એકટ કલમ ૧૩૫.૧ મુજબના ગુનાના કામે શ્રી શશીપ્રકાશ સતીષચંદ્ર તિવારીનાઓની ફરીયાદના કામે ગઇ તા. ૨૯/૭/૨૦૧૨ના કલાક ૧૩.૪૭ પહેલાં કોઇપણ સમયે ખોખરા હાટકેશ્વરમાં આવેલ શ્રીપાલ કોમ્પલેક્ષના પાર્કીંગના ધાબા ઉપર ભરતભાઇ કેશવભાઇ જેરાટ ઉ.વ. ૩૫નાનો સુઇ રહેલ હતા તે વખતે અગાઉના ઝઘડાની અદાવત રાખી માથામાં પથ્થર મારી ખુન કરી ભાગી ગયેલ અને આ કામના આરોપી શ્રી હઠીલાની તા. ૧૨/૧૦/૧૨ના રોજ ૧૮.૦૦ કલાકે અટક કરેલ અને કર્મચારીને છાજે નહી તેવું કૃત્ય કરેલ હોઇ જેના વિરુધ્ધ ખાતાકીય કાર્યવાહી કરી તેની જાણ કરવા વિનંતી કરેલ છે. આ પ્રકારનું ગેરવર્તણુંક/ ગેરકૃત્ય શ્રી હઠીલાએ કરવું જોઇએ નહિ અને શ્રી હઠીલાએ સ્ટેચ્યુટ નં. એસ. ૧૧૭ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (કન્ડકટ) નિયમ, ૨૦૧૧ના નિયમ ૫.૧ (v), અને ૫.૨ના વિરુધ્ધ શ્રી હઠીલાએ યુનિવર્સિટી કરર્મચારીને છાજે નહિ એવું ગેરવર્તણુંક/ ગેરકૃત્ય કરેલ છે.

(૪) ઉપરોકકત આરોપ-૪માં જણાવેલ વિગતોઅનુસાર સ્ટેચ્યુટ નં. એસ. ૧૧૭ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (કન્ડકટ) નિયમ, ૨૦૧૧ના નિયમ, ૨૧ના નિયમ મુજબ શ્રી કે.જે. હઠીલા સામે નામદાર કોર્ટમાં થયેલ ફોજદારી કાર્યવાહીમાં પરિણમતી હકીકતો ટુંકમાં દર્શાવતો લેખિત અહેવાલ રજૂ કરી યુનિવર્સિટી અથવા આચાર્યશ્રી અથવા સંબંધિત વિભાગના વડાને આવી કાર્યવાહી અંગે જાણ કરવાની હતી, પરંતુ શ્રી હઠીલાએ રજૂ કરેલ નથી. આ પ્રકારની શ્રી હઠીલાની ગેરવર્તણુંકથી સ્ટેચ્યુટ નં. એસ. ૧૧૭ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (કન્ડકટ) નિયમ, ૨૦૧૧ના નિયમ, ૫.૧(iii) અને નિયમ ૨૧ના નિયમોનો ભંગ કરેલ હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત આરોપ-૧ અનુસાર શ્રી હઠીલાએ ફરજમાંથી સમયાંતરે આક્ષેપ વિવરણપત્રકમાં દર્શાવ્યા પ્રમાણે અનઅધિકૃત ગેરહાજર રહેવાનું ચાલું રાખેલ હોવાથી યુનિવર્સિટી સેવામાં જે હેતુથી હઠીલાને રાખેલા હતા, તેમાં માઠી અસર પહોંચેલ તેમજ ખૂબજ મુશ્કેલીઓ/અડચણો ઉભી થયેલ હોવાનું જણાયેલ તેમજ શ્રી હઠીલાને વારંવાર સૂચનાઓ આપવા છતાં અને શ્રી હઠીલાએ ભૂલોનો સ્વીકાર

કરીને ભવિષ્યમાં આવું નહી થાય તેવી ખાતરી આપેલ હોવાછતાં યુનિવર્સિટીની કામગીરી ઉપયોગમાં કરી શકાયેલ નથી. બિડાણ-૧૬ અને ૧૭ની વિગતો અનુસાર ભવિષ્યે પણ શ્રી હઠીલા યુનિવર્સિટીની કામગીરીમાં ઉપયોગ થઇ શકે તેમ નહિ જણાતું હોવાનું જણાય છે. આવી આ પ્રકારની શ્રી હઠીલાની ગેરવર્તણુંક સ્ટેચ્યુટ નં. એસ. ૧૧૭ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (કન્ડકટ) નિયમ, ૨૦૧૧ના નિયમ, પ.૧(૪) અને પ.૧(૫) નિયમ ભંગ કરેલ હોવાનું જણાય છે.

વંચાણે લીધેલ ક્રમ-૧૦,૧૧ અને ક્રમ-૧૫ ના રજી.પો.એડી. પત્રોથી રેકર્ડ આધારીત સરનામે શ્રી હઠીલાને તહોમતનામાંની બજવણી કરવામાં આવેલ પરંતુ શ્રી હઠીલાનો કોઇ જગ્યાએ પત્તો નહોવાથી પોષ્ટ ખાતાની રીમાર્કસ સાથે અસલમાં પરત આવેલ જેથી શ્રી હઠીલા સામે ઘડવામાં આવેલ આરોપોનું બચાવનામું પણ રજુ કરી શકેલ નથી.વંચાણે લીધેલ ક્રમ-૧૨ના પત્રથી જાણવા મુજબ શ્રી હઠીલાને તા.૨૬/૩/૧૩ના રોજ નામ. સીટી સેશનસ કોર્ટ, ભદ્ર, અમદાવાદથી જામીન મળતા જામીન મુકત થવા છતાં પણ શ્રી હઠીલા તેમના આણંદ ખાતેના હેડ કવાર્ટર પર હાજર રહેલ નથી.

શ્રી હઠીલાએ કરેલ ગુના સબબની કચેરીને કોઇપણ જાતની જાણ કરેલ નથી. વંચાણે લીધેલ ક્રમ - ૧૬થી દર મહીને નિવાર્હ ભથ્થું મેળવવા માટે જે પ્રમાણપત્ર રજુ કરવા જોઇએ તે રજુ કરેલ નથી. શ્રી હઠીલાએ હેડ કવાર્ટર પર હાજર રહેવા તેમજ શ્રી હઠીલા સામે થયેલ કોર્ટ/ પોલીસ ફરીયાદના દસ્તાવેજો/ ફરજ મોકુફીના પ્રમાણપત્રો સાથે દિન-૧૦માં હાજર થવા જણાવેલ તે પત્ર પણ પોષ્ટ ખાતા મારફત માલીક હાજર નથી તેવી રીમાર્કસ સાથે પરત આવેલ હતી. આમ શ્રી હઠીલાનો કચેરી સાથે કોઇ પણ જાતનો સંપર્ક થયેલ નથી.

વંચાણે લીધેલ ક્રમ -૧૭થી તા.૨૬/૮/૨૦૧૪ના ગુજરાત સમાચાર દૈનિક સમાચાર પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી માન.કુલપતિશ્રીની કચેરીએ દિન-૧૫માં હાજર રહેવા જણાવેલ હતું અને હાજર ન થાયતો સેવા સમાપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેવી નોટીસ આપેલ હતી તેમ છતાં શ્રી હઠીલા તેમના હેડ કવાર્ટર, આણંદ ખાતે કે કુલપતિશ્રીની કચેરીએ હાજર થયેલ નથી.

શ્રી હઠીલા સામે સહાનુભુતી રાખી બચાવની તમામ તકો આપ્યા બાદ પણ શ્રી હઠીલા તેમના હેડ કવાર્ટર પર હાજર ન રહેતા વંચાણે લીધેલ ક્રમ -૧૮થી શ્રી હઠીલાને હેડ કવાર્ટર પર હાજર થવા આખરી અને છેલ્લી કારણદર્શક નોટીસ આપી સ્ટેચ્યુટ નં. એસ.૧૧૮ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી ઓફ ગુજરાત સેવા (શિસ્ત અને અપીલ) નિયમ.૨૦૧૧ના નિયમ ચેપ્ટર-૩ નિયમ ૧૬(૧૧) પ્રમાણે યુનિવર્સિટીની સેવામાંથી છુટા કરવામાં આવશે તેવું જણાવેલ હોવા છતાં હાજર થયેલ નથી અને પોષ્ટ ખાતાની રીમાર્ક સાથે અસલમા ટપાલ પરત આવેલ હતી.

સરકારશ્રીના સા.વ.વિ.ના તા.૨૩/૩/૨૦૦૫ના ઠરાવના ક્રમ નં.૩(૨) મુજબ કેસમાં અધિકારી/ કર્મચારી સામે ફોજદારી ગુના અંગે પોલીસ તપાસ ચાલતી હોય અથવા ફોજદારી કાર્યવાહી શરૂ થઇ ગઇ હોય એટલે કે અદાલતમાં પોલીસ ખાતાએ તહોમતનામું મુકી દીધેલ હોય અને સરકારી અધિકારી/કર્મચારી ફોજદારી ગુના અન્વયે એક વર્ષ કરતા વધુ સમયની ફરજ મોકુફી હેઠળ હોય તેવા કેસોની સમીક્ષા કરવા માટે વંચાણે લીધેલ ક્રમ -૧૯થી કમીટી બનાવેલ હતી અને તા. ૧૭/૧૧/૧૪ના રોજ મળેલ સમીક્ષા કમીટીની બેઠકમાં હાજર રહેવા શ્રી હઠીલાને જણાવેલ હતું તેમ છતાં હાજર રહેલ નથી.

કમીટીએ ભલામણ કરેલ છે કે તા. ૧૯/૪/૧૪ના પરિપત્ર મુજબ ખાતાકીય તપાસ કરવાની થતી હોઇ શ્રી હઠીલાને આપવામાં આવેલ તહોમતનામાંના સંદર્ભમાં શિક્ષા કરતાં પહેલા રાજય કૃષિ યુનિવર્સિટી સર્વિસ રુલ્સ (શિસ્ત અને અપીલ) નિયમ-૨૦૧૧ સ્ટેચ્યુટ એસ-૧૧૮ (નિયમ-૨૦) અનુસાર સમય મર્યાદામાં બચાવનામું રજુ ના કરે તો નિયમ CHAPTER-III નિયમ-૧૬ અનુસાર શિક્ષા કરતાં અગાઉ નિયમ-અનુસાર કાર્યવાહી કરવા સારૂં નિયમ-૨૦.૨ અને ૨૦.૫(બી) મુજબ ખાતાકીય તપાસ અધિકારી તેમજ ૨૦.૫(સી) મુજબ યુનિવર્સિટી તરફથી રજુઆત અધિકારી તરીકે નિમણુંક કરવાની થાય છે તો ખાતાકીય તપાસ અધિકારી અને રજુઆત અધિકારીની નિમણુંક કરવી અને તપાસ અધિકારી જે અહેવાલ આપે તેના આધારે શિસ્ત અધિકારી નિર્ણય કરવા ભલામણ કરતા વંચાણે લીધેલ ક્રમ -૨૦થી શ્રી હઠીલા સામે ખાતાકીય તપાસ અધિકારી અને યુનિવર્સિટી તરફથી રજુઆત અધિકારીની નિમણુંક કરેલ હતી અને દિન-૨૧માં તપાસ અહેવાલ રજુ કરવા જણાવેલ હતું.

ખાતાકીય તપાસ અધિકારીશ્રીએ શ્રી હઠીલા સામે તપાસની કાર્યવાહી શરૂ કરેલ અને તા. ૫/૧/૧૫ના રોજ સુનાવણી માટે હાજર રહેવા રજી.પો.એડી. પત્રથી જાણ કરવા છતાં શ્રી હઠીલા પોતાના બચાવ માટે કે રજુઆત કરવા માટે હાજર રહેલ નથી કે કોઇ પણ જાતનું નિવેદન આપેલ નથી.

વંચાણે લીધેલ ક્રમ -૨૧ થી ખાતાકીય તપાસ અધિકારીશ્રીનો પત્ર નં. બીએસીએ/એગ્રીકેમ/૭૧૮, તા.૧૫/૧/૧૫ થી રજુ કરેલ ખાતાકીય તપાસ અહેવાલ તથા તે સાથેના આનુસંગિક બીડાણો ૧ થી ૧૭ સાથે રજુ કરેલ અને શ્રી હઠીલા સામે ૧ થી ૫ તહોમત મુકેલ હતા તેની તપાસ કરવા માટે શ્રી હઠીલાની હાજરી હોવી જરુરી હતી પરંતુ શ્રી હઠીલાને જાણ કરવા છતાં હાજર ન રહેતા ખાતાકીય તપાસ અધિકારીશ્રીએ તહોમતનામાં સાથે અને જરુરી પુરાવા સાથે ચકાસણી કરી તેમનો અહેવાલ રજુ કરેલ હતો.

આમ શ્રી હઠીલાનો કોઇપણ જગ્યાએ પત્તો મળેલ નથી અને નિયમોનુસાર ઉપરોકત તમામ હકીકતો રજુ કરતા શ્રી હઠીલાને કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર બચાવની તમામ તકો આપેલ છે

હત્યાના ગુના સબબ શ્રી હઠીલાની સામે ગુનો દાખલ થયેલ છે તે અંગેના દસ્તાવેજી પુરાવા રજુ કરવા જોઇએ તે પણ રજુ કરેલ નથી. રાજય કૃષિ યુનિવર્સિટી સર્વિસિસ જનરલ રુલ્સ નિયમ-૨૦૧૧ સ્ટેચ્યુટ

એસ-૧૧૯ CHAPTER-XIII નિયમ-૨૪૨.૪ મુજબ શ્રી હઠીલાએ દર માસે ફરજ મોકુફી દરમ્યાન કોઇ ધંધો/વ્યવસાય કરતાં નથી તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું હતું તે રજુ કરેલ નથી. જેથી શ્રી હઠીલાને ઓકટોમ્બર-૨૦૧૩ પછીનું નિર્વાહ ભથ્થું ચુકવેલ નથી. શ્રી હઠીલા તેમના કચેરીના રેકર્ડ મુજબના સરનામે પણ હાજર નથી.

વંચાણે લીધેલ સંદર્ભ-૨૨થી શ્રી કનુભાઇ જે. હઠીલા, પટાવાળા (હાલ ફરજ મોકુફી), નિમેટોલોજી(કૃમિ શાસ્ત્ર) વિભાગ, બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ મનસ્વી રીતે અનઅધિકૃત ગેરહાજરી તથા અનિયમિતતાને ધ્યાને લઇ નિયમાનુસારની કાર્યવાહી કરી તહોમતનામા સંદર્ભે બચાવની પુરતી તક આપવા છતાં હાજર થયેલ નહોઇ તે સબબ શ્રી હઠીલાની યુનિવર્સિટી ખાતેની સેવામાંથી બરતરફની શિક્ષા રાજય કૃષિ યુનિવર્સિટીઝ સર્વિસીસ ઓફ ગુજરાત, સ્ટેચ્યુટ-૧૧૮ (શિસ્ત અને અપીલ) નિયમો, ૨૦૧૧, નિયમ-૧૬(૧૧) મુજબ યુનિવર્સિટી કક્ષાએથી બરતરફીની શિક્ષા હાથ ધરવા નિયામક મંડળે ઠરાવેલ છે.

આથી, હું ડૉ. પી.આર. વૈષ્ણવ, કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ને મળેલ સત્તાની રૂએ શ્રી કે. જે. હઠીલા, પટાવાળા (હાલ ફરજ મોકુફી), નિમેટોલોજી (કૃમિ શાસ્ત્ર) વિભાગ, બં.અ. કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદને આ હુકમની તારીખથી યુનિવર્સિટીની નોકરીમાંથી બરતરફ કરવાના શિક્ષાત્મક આદેશ કરુ છું. જેનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

આ હુકમ યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પડવામાં આવે છે.

જા.નં. આકૃયુ/રજી/સીસી.૨/ ૨૭૬-૨૮૭ ૨૦૧૫

તા. ૦૪ /૬/૨૦૧૫, આણંદ.

કુલસચિવ

નકલ રવાના:-

(૧) આચાર્યશ્રી, બં.અ. કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૨) સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૩) પ્રાધ્યાપક અને વડાશ્રી, નીમેટોલોજી(કૃમિ શાસ્ત્ર) વિભાગ, બં.અ. કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.
(૩) હિસાબ નિયામકશ્રી/ હિસાબી અધિકારીશ્રી(કેશ/પી.એફ) /ઓડીટ ઓફીસરશ્રી, આ.કૃ.યુ. આણંદ
(૪) કાર્યપાલક ઇજનેરશ્રી, આ.કૃ.યુ. આણંદ.
(૫) તબીબી અધિકારીશ્રી, આ.કૃ.યુ. આણંદ.
(૬) શ્રી કે. જે. હઠીલા, પટાવાળા (હાલ ફરજ મોકુફી), મારફત કચેરી:- આચાર્યશ્રી, બં.અ. કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૭) કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ/એડી.એમ.-રશાખા/ હુકમ ફાઇલ